અત્યાચારના કિસ્સાઓમાં રાજય બહાર વસતા ઇસમોને
લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-પરચ-૧૦૨૦૧૦-૮૯૯૮૭૨-ઙ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૧૩-૧૧-૨૦૧૩

વંચાણે લીધાઃ-

(૧) અનુસુચિત જાતિ અને આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ તથા તે હેઠળના નિયમો, ૧૯૯૫

(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૮/૧૧/૯૫ ના ઠરાવ ક્ર: હસલ-૧૦૯૪-આઇ-૨૪-ઙ સેલ

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૮/૯/૨૦૧૧ નો ઠરાવ ક્ર: અહલ-૧૧૨૦૧૦-૧૦૫૦-ચ

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા. ૨૯/૧૧/૨૦૧૦ નો પત્રઃ ક્ર: અજાક-છ.3- ૨૦૧૦-૭૨૬૯

પ્રસ્તાવનાઃ-

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઇસમ ઉપર અત્યાચાર આચરનાર વ્યકિત ઉપર અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ,૧૯૮૯ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે, તથા અત્યાચારનો ભોગ બનનાર વ્યકિતને સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૮/૧૧/૯૫ ના ઠરાવની જોગવાઇ મુજબ નાણાંકીય સહાય આપવમાં આવે છે. પરપ્રાંતના અનુસૂચિત જાતિના લોકો અત્યાચારનો ભોગ બને તો, નાણાકીય સહાય આપવામાં આવતી નથી. આ જોગવાઇઓનો વ્યાપ વધારવા અંગેની વંચાણે લીધેલ ક્ર: ૪ માં દર્શાવેલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની તા. ૨૯/૧૧/૨૦૧૦ દરખાસ્તથી તા. ૧૮/૧૧/૯૫ ના ઠરાવના પારા-૬માં સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે તા. ૧૮/૧૧/૯૫ ના ઠરાવના પારા-૬ ને બદલે નીચે મુજબ સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**!! પારા -૬ નો સુધારો !!**

અત્યાચારનો ભોગ બનનાર ગુજરાત રાજયના અનુસૂચિત જાતિના હોય અથવા ભોગ બનનાર ઇસમ પરપ્રાંતના હોય અને તેમનો અનુસૂચિત જાતિની રાષ્ટ્રિય યાદીમાં સમાવેશ થતો હોય તો આવા બનાવોમાં તા.૧૮/૧૧/૯૫ ના ઠરાવથી નિયત થયેલ શરતોએ નાણાંકીય સહાય ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે; તેમજ અત્યાચારનો ભોગ બનનાર અનુસૂચિત જાતિના હોય અને આરોપી ગુજરાત રાજયના અનુસૂચિત જાતિના હોય અથવા અનુસૂચિત જાતિની રાષ્ટ્રિય યાદીમાં સમાવેશ થતો હોય એવા સંજોગામાં તા. ૧૮/૧૧/૯૫ ના ઠરાવથી નિયત થયેલ શરતો અનુસાર સહાય મળવાપાત્ર રહેશે નહિ.

૨. હાલમાં વિચારણા હેઠળના અને કોર્ટમાં પડતર હોય તેવા કેસામાં સહાય મળવાપાત્ર રહેશે.

૩. આ અંગેનો ખર્ચ માંગણી નં. ૯૫ ( આયોજન) સેકટર-(ખ) સામાજીક સેવાઓ મુખ્ય સદર ૨૨૨૫, અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ,પેટા મુખ્ય સદર ૦૧ અનુસૂચિત જાતિઓ નું કલ્યાણ ગૌણ સદર ૮૦૦ અન્ય ખર્ચ પેટા સદર (૩) બીસીકે-૬૦ (કે.પુ.યો) નાગરિક એકમ હેડ ચાર્જેબલ ૨૨૨૫ ૦૧ ૮૦૦ ૦૩ સ્કીમ નંબર ૫૩૭, ૪૫૯ બજેટનો પ્રકાર હેઠળ થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

૪. વંચાણે લીધેલ તા. ૧૮/૧૧/૯૫ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૫. આ ઠરાવનો અમલ ઠરાવ રવાના થયા તારીખથી કરવાનો રહેશે.

૬. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૪/૯/૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**( જમાલુદ્દીન એ. સૈયદ )**
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી,માન.મંત્રીશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(ચ -શાખા)
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
- સર્વે જિલ્લા પોલીસ કમિશ્નરશ્રીઓ,
- સર્વે પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ.
-

પેજ-૩૩૧